Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-11, Issue-2(September, 2017)

**IMPACT FACTOR:3.021**

**PP:223to228**

# મનરેગા યોજનાનાં પરિણામો

**ડૉ.દયારામભાઇ પી. માહલે**

સમજશાસ્ત્રના આસિસ્ટટ પ્રોફેસર

મહિલા મહાવિદ્યાલય, વડોદરા.

**પ્રસ્તાવના :**

ગ્રામિણ સમાજમા ગરીબી, બેકારી, શોષણ, અસમાતા, નિરક્ષરતા વગેરે અનેક સમસ્યાઓ છે. ભારતની રાષ્ટ્રીય સરકારે ગામડાઓની સર્વાંગી વિકાસ કરવા માટે કેટલાક ખાસ કાર્યક્રમો હાથ ધર્યા. આવા ખાસ કાર્યક્રમોમા સામુદાય વિકાસ યોજના, સહકારી પ્રવૃત્તિ, પંચાયતીરાજ, મહાત્માં ગાંધી રાષ્ટ્રિય ગ્રામિણ રોજગાર બાહેધરી યોજના વગેરે છે, આ કાર્યક્રમો દ્વારા સમાજની સમસ્યાઓ હલ કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**અભ્યાસ વિષયની પસંદગી :**

પ્રસ્તુત અભ્યાસ ડાંગ જિલ્લાના સ્થળાંતરીત આદિવાસીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. ડાંગ જિલ્લાના સમગ્ર ગામોમાંથી એક ગામ પીપલાઇદેવીની પસંદગી કરવામાં આવી છે. સ્થળાંતર મોટા ભાગે મોસમી, કામચલાઉ કે હંગામી સ્વરુપનું હોય છે. અહિના મોટા ભાગના આદિવાસીઓ પડોશના પ્રદેશો સુરત, તાપી, વલસાડ, વ્યારા વગેરે જિલ્લાઓમાં સ્થળાંતર કરતા જોવા મળે છે. આદિવાસીઓ માટે સરકારશ્રીની વિવિધ યોજનાઓ હોવા છતાં બધાજ આદિવાસીઓને પર્યાપ્ત રોજગારી ઉપલબ્ધ થઇ શકતી નથી. માટે મનરેગા યોજનાનાં પરિણામો જાણવા આ વિષય ઉપર સંશોધન કરવાની પસંદગી ઉતારી છે.

**અભ્યાસના હેતુઓ :**

આ અભ્યાસનો મુખ્ય હેતુ મનરેગા યોજનાનાં પરિણામો સમજવાનો છે. અત્રે પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

- મનરેગા યોજનાનાં પરિણામો જાણવા.
- મનરેગા યોજનાનાં કારણે આવેલ પરિવર્તન તપાસવું

**સંશોધન અભ્યાસની પધ્ધતિ :**

આ અભ્યાસ મુખ્યત્વે ક્ષેત્રકાર્ય પર આધારીત છે. અભ્યાસમા મુખ્ય અવલંબન ગણાતી ક્ષેત્રિય વાસ્તવિક પરિસ્થિતિમાંથી સુસંગત માહિતી મેળવવા નિરિક્ષણ, મુલાકાત અનુસૂચી પ્રયુકિતનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**મનરેગા યોજના :**

મહાત્માં ગાંધી રાષ્ટ્રિય ગ્રામિણ રોજગાર બાહેધરી યોજના(Mahatma Gandhi NREGA) કેન્દ્ર સરકારની યોજના છે. આ યોજનાનો ઉદેશ્ય ગ્રામિણ વિસ્તારમાં રહેતા કુટુંબો કે, જે પુખ્તવયના સભ્યો શારીરિક શ્રમથી થઇ શકે તેવું બિનકુશળ કામ કરવા ઇચ્છુક હોય તેવા દરેક કુટુંબને નાણાકિય વર્ષમાં ઓછમાં ઓછા ૧૦૦ દિવસની રોજગારી આપવાનો ઉદેશ્ય છે. લોકસભા દ્વારા આ કાયદો ૨૦૦૫માં પસાર કરવામા આવ્યો. આ કાયદા દ્વારા જે વ્યકિત લઘુત્તમ વેતન મુજબ કામ કરવા તૈયાર હોય તેવી વ્યકિતઓને રોજગારી આપવાની બાંહેધરી આપવામા આવે છે.

**યોજનના મુખ્ય હેતુઓ :**

આ યોજનના મુખ્ય હેતુઓ (૧) ગ્રામ્ય ગરીબોને લઘુત્તમ રોજગારી આપવી (૨) દુષ્કાળ અને બેરોજગારીના દિવસોમાં ગ્રામ્ય લોકોને કામ પુરુ પાડવું (૩) ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેર તરફ થતું સ્થળાંતર અટકાવવું (૪) ગ્રામ વિકાસમાં ઉપયોગી થઈ શકે તેવી ટકાંઉ સંપત્તિ ઊભી કરવી અને સંર્વાંગી ગ્રામ વિકાસને લગતા કાર્યો કરવા. આ હેતુઓ પરિપૂર્ણ કરવા સરકારશ્રી તરફથી પ્રયાસ કરવામાં આવે છે.

આ યોજનાનો યોગ્ય રીતે અમલીકરણ થાય તો ગ્રામ્ય કુટુંબોને રોજગારી પુરી પાડવાથી ગરીબી અને ભૂખમરાથી રક્ષણ મળશે. પોતાના ગામમાં કે નજીકના ગામમાં રોજગારી ઉપલબ્ધ કરવાથી ગ્રામ્ય-શહેરી સ્થાળંતર ઓછું કરી શકાશે. સ્ત્રીઓને રોજગારી મળવાથી તેઓમાં સ્વાતંત્ર્યનો ખ્યાલ વિકાસ પામશે. આ યોજનાએ સ્ત્રીઓ માટે સાનુકૂળ વાતાવરણ ઉભું કરશે.

સ્ત્રીઓનું આર્થીક સશકિતકરણ થશે. જેનાથી તેમનામાં સમાજ અને કુટુંબમા સામાજિક દરજ્જો અને ભૂમિકાની બાબતમાં પુરુષોની તાબેદારીમાંથી બહાર નીકળીને આત્મનિર્ભર બનવાની શકિતનો વિકાસ થશે. ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીના સ્ત્રોત ઊભા કરવાથી ઉપયોગી મિલકતો ઊભી કરવી પડશે. ગ્રામ્ય સમાજમાં ગરીબો અને સ્ત્રીઓને પણ રોજગારી ઉપલબ્ધ કરવાથી સમાજમાં વધુ સમાનતા લાવી શકાશે. રષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી એકટ દ્વારા અસંગઠિત કામદારોને સામાજિક સલામતિ અને લઘુત્તમ વેતનની માંગણી કરી શકશે. સાથે સાથે શોષિત કમદારો કામદાર ચળવળને વધુ મજમૂત બનાવી શકશે.

**અભ્યાસના તારણો :**

શોધકાર્ય દ્વારા ડાંગ જિલ્લાના એક ગામના 246 ઉત્તરદાતાઓનો અભ્યાસમાં જાણવા મળ્યુ છે. યોજનાની જાણકારી ગ્રામસભામાં સરપંચ, પંચાયતના સભ્ય, તલાટીકમ મંત્રી, ગ્રામસભામાં હાજર રહેલા અધિકારી દ્વારા જાણકારી આપવી જોઇએ પરંતુ મોટભાગના ઉત્તરદાતાઓને આ યોજના વિશે જાણકારી ધરાવતા નથી. જેથી આ યોજનાથી ઉત્તરદાતઓ રોજગારીનો લાભ મેળવી શક્યા નથી. બેરોજગારીના દિવસોમાં કામ મળ્યું નથી. રોજગારીના અભાવના કારણે સ્થાળાંતરનું પ્રમાણ વધ્યું છે. કુલ 246 ઉત્તરદાતાઓમાંથી 200 ઉત્તરદાતાઓ સ્થાળંતર કરે છે. આ યોજનાની સાચી સમજ પહોચી નથી. જેથી સ્થળાંરનું પ્રમાણ વધુ જોવા મળે છે. કુલ ઉત્તરદાતાઓમાંથી માહાત્મા ગાંધી નરેગા યોજનાની જણકારી ધરાવતા ઉત્તરદાતઓની સંખ્યા 27 (10.98%)છે. જ્યારે માહાત્મા ગાંધી નરેગા યોજનાની જણકારી ન ધરાવતા ઉત્તરદાતઓની સંખ્યા 219 (89.02%) છે. આથી આ યોજનાનો લાભ લોકો સુધી પુરતા પ્રમાણમાં પહોંચી શક્યા નથી.

આ યોજના હેઠળ કામદારોને જોબ કાર્ડ આપવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. જેથી કુલ ઉત્તરદાતાઓમાંથી જોબ કાર્ડ ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૮૦ (૭૩.૧૭%જ) છે. જ્યારે જોબ કાર્ડ મળ્યું નથી તે ઉત્તરદાતાઓની સંખ્યા ૬૬ (૨૬.૮૩%) છે. શોધકાર્ય દ્વારા જાણવા મળ્યુ છે કે, જોબકાર્ડ નથી તે માટે અનેક પરિબળો જવાબદાર છે. જેમ કે, ઉત્તરદાતાઓ કામ પર જવાને કારણે, જોબકાર્ડ વિશે માહિતી નથી, ફોર્મ ભર્યુ પણ જોબ કાર્ડ મળ્યુ નથી, બીજા ગામે રહેવા જવાને કારણે, ગરીબને સાંભળતા નથી, ફોટા પાડ્યા પણ મળ્યું નથી, સરપંચ આપતો નથી, જોબકાર્ડ માટે પૈસા ભર્યા પણ મળ્યું નથી, ફોટા પાડવા પૈસા નથી, નામમાં ફેરફાર થવાને કારણે, જમીન વધારે હોવાને કારણે, ૧૩ ઉત્તરદાતાઓ પાસે તો જમીન

નથી છતાં જોબકાર્ડમળ્યો નથી. મોટભાગના ઉત્તરદાતાઓ પોતાની પાસે જોબકાર્ડ રાખે છે પરંતુ ક્યારેક જોબકાર્ડનું કામ છે એ રીતે કહિને પંચાયતના સભ્ય લઇ જાય છે. તેઓને એક દિવસનું પણ કામ આપ્યું નથી છતા પણ જોબકાર્ડમાં રોજગારીના દિવસોની નોંધ થયેલ જોવા મળેલ છે. જ્યારે કેટલાક ઉત્તરદાતાઓના જોબકાર્ડ પંચાયતના સભ્યો લઇ ગયા છે, તે ઉત્તરદાતાઓ પાસે નથી. કુલ ઉત્તરદાતાઓમાંથી જેમની પાસે જોબકાર્ડ છે તે ઉત્તરદાતાઓની સંખ્યા ૧૫૮ (૬૪.૨૩%જ) છે. જ્યારે જેમની પાસે નથી તેઓની સંખ્યા ૨૨ (૮.૯૪%) છે. ઉત્તરદાતાઓ પાસેથી એવું પણ જાણવા મળ્યું છે કે જોબકાર્ડ ઉપર રોજગારીના દિવસોની નોંધ કરવામાં આવે છે. આ કામના દિવસોનું વેતન પોસ્ટમાસ્તર દ્વારા આપવાની જોગવાઇ છે. પરંતુ આ પૈસાનો ઉપાડ પોસ્ટમાસ્તર પાસેથી સરપંચ દ્વારા અંગૂઠા મારીને કરવામાં આવે છે. તેઓ વાંધો પણ ઉઠવતા નથી કારણ કે તેઓ કહે છે કે અમે કામ કર્યું નથી. તેઓને એ પણ ખબર નથી કે કામ ન આપવાથી બેરોજગારી ભથ્થુ મળવા પાત્ર છે. તેઓ અભણ હોવાથી કામ માટે અરજી પણ કરી શકતા નથી. કામ કરનાર વ્યકિતોને સહિ આવડતી હોય તો પણ અંગૂઠો જ મારવાનો હોય છે. જેથી ફળદાયી પરિણામો આવ્યા નથી.

ઉત્તરદાતઓને જોબકાર્ડ પર રોજગારી પુરી પાડવા અંગેની માહિતી કે જાણ રોજગારી વાચ્છુકને ગ્રામ પંચાયત દ્વારા આપવાની હોય છે. એટલુ જ નહિ પરંતુ ગ્રામ પંચાયતના નોટીશ બોર્ડ પર માહિતી જાહેરમાં પ્રસિધ્ધ કરવાની હોય છે. જોબકાર્ડ ઉપર કુટુંબના સભ્યો ૧૦૦ દિવસની રોજગારી મેળવી શકે.

શોધકાર્ય દ્વારા જાણવા મળેલ છે કે, એક પણ ઉત્તરદાતઓને ૧૦૦ દિવસની રોજગારી મળી નથી. સૌથી વધારે જોબકાર્ડ ઉપર કામ મળ્યું નથી તે ઉત્તરદાતઓની સંખ્યા ૧૨૪ (૫૦.૪૧%) છે. જ્યારે જોબકાર્ડ ઉપર કામ મળ્યું છે તે ઉત્તરદાતઓની સંખ્યા માત્ર ૫૬ (૨૨.૭૬%) છે. જેમાં ૦ થી ૫ દિવસની રોજગારી મેળવતા ઉત્તરદાતઓની સંખ્યા ૧૦ (૪.૦૭%), ૬ થી ૧૦ દિવસની મેળવનારની સંખ્યા ૧૩ (૫.૨૮%), ૧૧ થી ૧૫ દિવસની મેળવનારની સંખ્યા ૧૭ (૬.૯૧%), ૧૬ થી ૨૦ દિવસની મેળવનારની સંખ્યા ૦૭ (૨.૮૫%), ૨૧ થી ૨૫ દિવસની મેળવનારની સંખ્યા ૦૧ (૦.૪૧%), ૨૬ થી ૩૦ દિવસની મેળવનારની સંખ્યા ૦૩ (૧.૨૧%), ૩૧ થી ૩૫ દિવસની મેળવનારની સંખ્યા ૦૩ (૧૨૧%), ૩૬ થી ૪૦ દિવસની મેળવનારની સંખ્યા ૦૨ (૦.૮૧%) છે.

ગ્રામિણ વિસ્તારમાં રહેતા કુટુંબોમા પુખ્તવયના સભ્યો શારિરીક શ્રમથી થઇ શકે, જેમાં શ્રમકાર્યની કુશળતાની જરૂર નથી તેવું કામ કરવા ઇચ્છા ધરાવતા હોય તેવા દરેક કુટુંબને ૧૦૦ દિવસની રોજગારી મળે તે ઉદેશ્ય છે. ઉત્તરદાતઓને આ યોજના હેઠળ જોબકાર્ડ ઉપર ૧૦૦ દિવસની રોજગારીની ધરાવતા ઉત્તરદાતઓની સંખ્યા ૧૪૬ (૫૯.૩૫%) છે. જ્યારે ૧૦૦ દિવસની રોજગારી મળે છે તેની જાણકારી ધરાવતા નથી તેઓની સંખ્યા ૧૦૦ (૪૦.૬૫%) છે. રોજગારી મેળવનાર ૫૬ ઉત્તરદાતઓમાંથી ૩૩ ઉત્તરદાતઓને વેતન આપવામાં આવ્યું. આ વેતન પણ પુરેપુરુ આપવામાં આવ્યું નથી. જેમાં ૧૦૦ થી ૫૦૦ સુધીનું વેતન મેળવનાર ઉત્તરદાતઓની સંખ્યા ૧૦ (૪.૦૭%), ૫૦૧ થી ૧૦૦૦ સુધીનું વેતન મેળવનારની સંખ્યા ૧૪ (૫.૬૯%), ૧૦૦૧ થી વધુ આવક મેળવનારની સંખ્યા ૦૯ (૩.૬૫%), કામ કર્યુ છતા વેતન મળ્યું નથી તેઓની સંખ્યા ૨૩ (૯.૩૫%) છે.

આ યોજનાનો હેતું પરિપૂર્ણ થયો નથી. શોધકાર્યના આધારે જાણવા મળ્યું કે આ યોજના મોટભાગના ઉત્તરદાતઓને લાભદાયક નીવડી નથી. જે માટે અનેક પરીબળો જવાબદાર છે. જેમ કે યોજના વિશે માહિતી મળતી નથી., કામ જોબકાર્ડ ન ધરાવતા લોકોને મળે છે, કામ જ આપતા નથી, કામ કર્યા પછી વેતન ક્યારે મળે તે નક્કિ નથી, સુગર ફેકટરીમાં કામ કરવા નીકળી જવાને કારણે, કામની જાણકારી આપતા નથી તેથી કામ કર્યું નથી, કામ કર્યા પછી પણ વેતન આપતા નથી, કામ ઊભુ કરી શકતા નથી, જોબકાર્ડ ન હોવાથી કામ મળી શકતો નથી, જોબકાર્ડ હોવા છતા લાભ મળ્યો નથી. વગેરે કારણે ઉત્તરદાતઓ લાભથી દુર રહ્યા છે. આમ છતા મોટાભાગના ઉત્તરદાતઓને અપેક્ષા છે આ યોજનાનો લાભ ક્યારેક તો મળશે. જેથી તેઓ યોજના ચાલુ રાખવા પર ભાર મૂકે છે. યોજના ચાલુ રાખી લાભ આપવો જોઇએ એવું વલણ જોવા મળે છે.

**સૂચનો :**

- અભ્યાસના ગામમાં એક પણ ઉત્તરદાતાને મનરેગામાં 100 દિવસની રોજગારી મળી નથી. માટે મનરેગા યોજના હેઠળ 100 દિવસની રોજગારી મળે તેવા પ્રયત્નો કરવા જોઇએ.
- મનરેગા યોજના વિશે લોકોને સાચી જાણકારી મળે તે માટે વધુ પ્રચાર-પ્રસારના માધ્યમનો ઉપયોગ કરવો જોઇએ.

- લાભાર્થીનેજ લાભ મળે તેનું ધ્યાન રાખી ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેર તરફ થતું સ્થળાંતર અટકાવવા પ્રયાસ કરવા જોઇએ.

**સંદર્ભસૂચી** :


૧. પી.ડી.મેથ્યુ, એસ. જે. ૨૦૧૫ આપણા અધિકાર, ન્યાય દર્શન વડોદરા અંક-૨ પાન નં. ૧૧-૧૫

૨. સંપાદક મંડળ (૨૦૧૩) : કલેકટર, આહવા ડાંગ-કામનાથ મુદ્રણાલય પ્રા.લી. રાજકોટ.

૩. જાન બ્રેમન ૧૯૮૭ : મૂડીવાદી ઉત્પાદન અને ગ્રામમજૂરોનુ પરિભ્રમણ, સેંટર ફોર સોશ્યિલ સ્ટડિઝ,

સુરત.

૪. ઠાકર મીનાક્ષી : ૨00૪ આદિવાસી વિકાસ અને વન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.